સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પોલા પ્રચારની પાંચ શેરી પગ પર નાખે છે,
હાથે કરીને ઠેર ઠેરથી અપમાનો સાંખે છે.
ચાખે છે એ ઝેર પણ, મહાત્વાકાંક્ષાના મોહમાં -
તમાચા ખાઇ ખાઇને પણ ગાલ લાલ રાખે છે!
(સમાચારમાં રહેવાની 'ભૂખ')

હાઈકુ

નમે રૂપિયો!
નેતૃત્વ ની માફક
ડોલર સામે..

જમો મોસાળે,
ધંધો ભાગીદારીનો -
ખોલો કોલેજ..

ચિંતન

એકો દેવઃ કેશવો વા શિવઃ વા એક મિત્રં ભૂપતિર્વા યતિર્વા ।
એકો વાસઃ પત્તને વા વને વા એકો નારી સુંદરી વા દરી વા ॥

'મનુષ્યએ એક જ દેવાની સેવાને સમર્પિત થવું જોઇએ. વૈષ્ણવ ધર્મ પ્રમાણે ભગવાન (વિષ્ણુ) રામ કે શૈવપંથી - ભગવાન શિવ.

એક જ મિત્ર-માલિક-રાખવો જોઇએ રાજા કાં તો તપસ્વી યોગી.

નિવાસ પણ એક જ જગ્યાએ કરવો કાં તો વૈભવશાળી બંગલો કે કાં તો વનવાસની પર્ણકુટી.

સંસારમાં રહેવું હોય તો સુંદર સ્ત્રીને પરણીને ઘરસંસાર માંડવો અથવા વનમાં ગુફામાં એકાંતવાસ કરવો.'

કેટલાક લોકો કાયમ દ્વિધામાં કે કોઇના દોરવાયા પંથ-સંપ્રદાય-ઇષ્ટદેવમાં શ્રદ્ધા-વિશ્વાસ બદલ્યા કરતા હોય છે. આવા લોકો કોઇ પણ બાબતમાં સફળ થતા નથી.

જો સંસાર વહેવારમાં આગળ પડતાં રહેવું હોય તો રાજકારણ કે સત્તા પ્રાપ્ત થાય એવી નોકરી પસંદ કરી લેવી જોઇએ પણ સંસારમાં મન ન ચોટતું હોય તો કોઇ યોગી ગુરૂ પાસે દિક્ષા લઇ તેને સમર્પિત થઇ જવું જોઇએ. એટલે કે નગરમાં બંગલા-વાડીમાં રસ રૂચી રાખવાં કે વનવાસ લઇ લેવો.

સંસારનાં કર્તવ્ય ફરજો બજાવવાં હોય તો લગ્ન કરી ઠરી ઠામ થઇ જવું અથવા વૈરાગી જીવન જીવવું હોય તો ગુફામાં એકાંત સ્થળે ચાલ્યા જવું.

અલકચરા નિર્ણય સાથે દ્વિધામાં ન રહેવું.

સુવિચાર

- પ્રેમ શબ્દ ભલે ન ગમે તેટલા વિલંબથી અને ગમે તે પ્રકારે વ્યક્ત કરવામાં આવે, પરંતુ તે સદૈવ સર્વશ્રેષ્ઠ હોય છે - **મહેસિયન કહેવત**
- ક્રુદરતે દરેક વ્યક્તિને બુદ્ધિ આપેલી છે, એ બુદ્ધિ કેવી છે તે માણસે સંકટ સમયે કેવા નિર્ણયો લીધા તેના પરથી નક્કી થાય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સહેલું હોય તે નહીં સાચું હોય તેની પસંદગી કરશો જો જીંદગીમાં ક્યારેય અફસોસ કરવાનો વારો નહીં આવે - **સુભાષચંદ્ર**
- હું એવા ઘણાં માણસોને જાણું છું કે તેઓએ જે કરવાનું હોય તે કરી શક્યા નથી કારણ કે જ્યારે એ કરી શકતા હતા ત્યારે તે કર્યું નહોતું - **સંત રોબિન**
- નહિંવત કામયાબી પર ગર્વ શા માટે? પૂર આવે ત્યારે નદી વિસ્તાર પામે પરંતુ સમુદ્ર જેટલી ગહેરાઇ નદીની થતી નથી - **રમણ મહર્ષિ**
- સ્ત્રીઓ વિશે કેટલા અભિપ્રાયો હોઇ શકે? જેટલા પુરૂષો એટલા અભિપ્રાયો- **ચંદ્રકાન્ત બક્ષી**

બોધ કથા

આજે યુવાનોને પરીક્ષા-પ્રેમ કે જીવન-પ્રગતિમાં જ્યારે 'નિષ્ફળતા' મળે છે. ત્યારે હતાશ થઇ બસ એક માત્ર ઇલાજ જાણે 'આત્મહત્યા' હાથવગો ઇલાજ સમજે છે. ધીરજ અને હિંમતપૂર્વક સમસ્યાનો સામનો કરી, સફળતાને સહજ રીતે લઇ એમ છક્કી ન જવું પણ નિષ્ફળતાને સમજવાનો પ્રયત્નો કરવો.

ઓપ્રાહ વિન્ફ્રે એ પોતાની કારકિર્દીની શરૂઆત ટીવીના સમાચાર વાચક તરીકે કરી હતી. પણ ટીવી ચેનલના માલિક સાથે કંઇક વાંધો પડતાં માલિકે ઓપ્રાહ ને કાઢી મૂકી - ઓપ્રાહ હતાશ થયા વિના ઝઝૂમી ટીવી શો ની એન્કર તો થઇ જ પણ આજે એ પોતાની ટીવી કંપની પણ ધરાવે છે. ધીરજ-હિંમતનું આ પરિણામ છે.

એવી જ સ્ટીવ જોબ્સ નામના માણસે ત્રીસ વર્ષે એક કંપની શરૂ કરી - ભાગીદારો સાથે વાંધો પડ્યો અને ખટપટનો ભોગ બની પોતે સ્થાપેલ કંપની જ છોડવી પડી - એટલે સુધી કે હિમાલયમાં આવી સાધુ થઇ જવા સુધીના વિચાર કર્યા - પણ ઉત્સાહ એકઠો કરી નિરાશા ખંખેરી - હું હારવા માટે નથી - હારવાનો નથી - કહી 'એપલ' નામની કંપની સ્થાપી. આજે વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

માણસને બધું જ આવડે છે, પરંતુ કમનસીબી એ છે કે, માણસ બનીને જીવતાં આવડતું નથી

નિબંધ સેતુ : "Happy Home - ઘર"

- મૂળજી પરમાર 'દધિ'

સ્નેહ-પ્રેમ-હેત, દયા-કરૂણા, ક્ષમા, ઉદારતા, ફરજનિષ્ઠા સહિષ્ણુતા અને વિશ્વાસના ઝીણા ઝીણા પરંતુ અતૂટ અને અખૂટ તાંતણાઓ ભેગા કરી, તેને ચીવટથી સુપેરે ગૂંથીને બનાવેલ માળો એટલે "ઘર - Happy Home"

આ "ઘર" એ કોઇ એકનું - એટલે કે ફક્ત પિતાનું નહીં, માતાનું નહી, પુત્રોનું નહી, પુત્રવધુઓનું નહી કે દિકરીઓનું નહી, પરંતુ સર્વેનું - સર્વેનું સંયુક્ત અમીભરી ભાવનાઓથી ભર્યું ભર્યું અને સદાય છલકતું, મહેંકતું અને હરહંમેશ ધબકતું રહેતું, ઉત્તમ જીવન જીવવાનું એક અમોલું સંયુક્ત સાહસભર્યું, આચખાનું આશ્રયસ્થાન...!

પરંતુ આજકાલ પશ્ચિમી વળગણ - સંસ્કૃતિના આંધળા અનુકરણમાં અટવાયેલા આજની યુવાપેઢી, આ "સંયુક્ત કુટુંબ"ની ઉમદા ભાવનાથી કંઇક વિમુખ જતી હોય તેવું લાગે છે...! જો કે, ફક્ત તેઓ જ પુરેપુરા જવાબદાર છે, તેવું કહેવું એ પણ ઉચિત તો નહીં જ ગણાય!

આ "ઘર" નો "મોભી" એટલે... "મોભ" જે ઘરનાં આધારસ્તંભ તરીકે, અનેક વળીઓને એક છેદાયેલ - ઘવાયેલ હોય છે, પરંતુ તે દિલમાંથી એક હરફ સુદ્ધાં ઉચ્ચારતો નથી કે સહજપણે હલતો નથી કે ચસકતો નથી... અને જો તે હલે કે ચસકે તો, આ "ઘર" કડડ... ડ..ડ.. ભૂસ કરતું પત્તાંના મહેલની જેમ તૂટી પડે, માનો કે ચીવટથી ગૂંથેલ આ માળો વિખરાઇ વેરાઇ જાય!

જે હેતુ વિના હેત કરે અને કોઇ પણ જાતના મોહને, સાપ કાંચળી ઉતારે તેમ ત્યજી દે, તેનું નામ "મોભ!" જેનું જીવન ગંગાજળ જેવું પવિત્ર - નિર્મળ હોય અને સર્વેના ભલા માટે કંકટભર્યો સંકટના રસ્તા પર નિઃસ્વાર્થે હસતે હસતે ચાલે અને અન્ય સારૂં પુષ્પો પાથરે; પરંતુ "હુંપણા" નો કે "મોભીપણાનો" જેના દિલમાં લેશમાત્ર ગર્વ ન હોય! જે દૃઢ નિશ્ચિય, અખૂટ આત્મવિશ્વાસ અને પરસેવો નીતરતો પરિશ્રમ કરી, ગમે તેવા દુષ્કાર્યને પણ સુગમ બનાવે છે તે "મોભી" કે જેણે સર્વેના સુખ સારૂં, જીવનનાં સર્વે સુખો ત્યજીને, અન્યને સુખ આપવા જીવન હોમ્યું છે અને આ "ઘર" નો સઘળો ભાર માથે લઇ, તેને અખંડ અને અકબંધ રાખવા નિઃસ્વાર્થભાવે રાત'દિ તનતોડ મહેનત કરી છે; આ બધું ભૂલ કે કોઇને કહેલ ઠપકાનાં બે વેણ કે કુટુંવો સામેની શિખામણના બે બોલના કારણોસર, તેના પ્રત્યે અપમાનજનક, તિરસ્કારભર્યું અને લાગણીહીન વર્તન કરવામાં આવે ત્યારે, આ "મોભી" આખી જિંદગીમાં નહીં અનુભવેલો થાક આ સમયે અનુભવ છે અને તેના પ્રત્યે સેવાની ઉપેક્ષા તેની કમ્મર તોડી નાખે છે અને પરિણામે તે સંસાર સાગરે ઘૂમરાતા હતાશાનાં વમળમાં ફસાઇ જાય છે... અને આ "ઘર" રૂપી નાવડીનું સુકાન ઢીલું પડતાં તે હાલક-ડોલક થતાં, ક્યારે મહાકાળના ભયાનક ખડકો સાથે અથડાઇને તેના ચૂરેચૂરા... ભૂક્કા થઇ જાય તે કંઇ કહેવાય નહીં!

આથી, જ્યારે "ઘર"માં કુટુંબ જીવમાં કોઇ પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે, જો "ઘર"માં વડીલ - "મોભી" અને કુટુંબના દરેક "સભ્યો" તરફથી ત્યાગ અને જતુ કરવાની ભાવના રાખી, વિવેક અને સમજદારીથી સમાનપણે, સ્વાર્થહીન નિર્ણય કરવામાં આવે તો, ક્યારેય પસ્તાવાનો વારો આવતો નથી - ઘરનો એક કાંકરો સુદ્ધાં ખતરો નથી, પરંતુ જો સામાન્ય બાબતમાં મમત્વ રાખીને, બાંધછોડ કરીને જો જતું કરવામાં ન આવે તો, તે સામાન્ય જણાની બાબત ગંભીરરૂપ ધારણ કરે છે. અને આમ "બૂંદ સે બિગડી વો હોજ સે ભી નહીં સુધરતી!"

માણસને બધું જ આવડે છે, પરંતુ કમનસીબી એ છે કે, માણસ બનીને જીવતાં આવડતું નથી.

આવો આપણે સૌ આ ઉક્તિને ખોટી પાડી, રાઇથી પણ ઝીણા થઇ, અરસપરસની સમજૂતીથી, અહમના ઓથાર તળેથી બહાર આવી, ઉજડતા "ઘર" ને બચાવીએ. અને હા, જીવન ખરેખર એક બાજી છે, જેની હારજીત તો આપણા હાથમાં નથી, પરંતુ એ બાજી રમવી એ તો આપણા હાથમાં છે ને!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

કાવ્ય સેતુ

ફ્લોરેન્સ

આર્નો નદી તીરે વસી એક
પુષ્પનગરી : ફ્લોરેન્સ
બની પુનઃ જાગરણ ભૂમિ.
માઇકેલ એન્જેલો, લિયોનાર્ડો દ વિંચી
ગેલેલિયો ને દાન્તેનાં
પગલે તેમન પ્રભાત પ્રગટ્યું
રૂપસી નગ્ન સુંદરી વિનસ ઉતરી આવી
આ ધરા પર.
માઇકેલ એન્જેલો એ તો કેવળ
વધારાનો પત્થર ખેરવ્યો.
અજ્ઞાનતાના રાક્ષસ ગોલિયાથ ને
ડેવિડે એક જ પત્થરથી હણ્યો.
ઇશુનો એક હાથ માતા મેરી પર
બીજો પતિતા પર
દાન્તેની કલમે જન્મી નવી ભાષા
ઇટલીનાં લોકની
બિયાટ્રીસ સંગે વિહર્યો કવિ
આ જ સ્વર્ગ લોકે
કવિઓ ચિગકારો શિલ્પીઓએ
જગાડ્યું સઘળું ચુરોપ.

- **પ્રવીણ ગઢવી**

હરિ, હવે મને ના રોકો

હરિ, હવે મને ના રોકો
ભીંતર સુંદર ક્ષણનો આપો
હવે, હવે મને ના રોકો...
સમદર ઉપર લહેર ઉઠે, એમ જાવા દેજો કાંઠે,
માહે ધીરગંભીર ભર્યો, અંજલીથી શું થાશે?
હરિ, હવે મને ના રોકો...
શ્વાસમહીં ભરી લીધા, શૌર્ય ભરેલા વાદળ
ભીંની કીધી પાંપણ, પ્રગટી કરૂણા સમથળ
હરિ, હવે મને ના રોકો...
લેખણથી સરી પડી, શબ્દો વહ્યાં છે ખળખળ,
હરિ, હવે મને ના રોકો...

- **ભરત પાઠક 'નયન'**

ગઝલ : ચાલ

ચાલ અમથું ચાલીએ ને બધાને બાળીએ
ચાલ અણદેખ્યું કરીને જીવન ઉજાવીએ
આમ તો સાવ સહેલું છે દરિયે તરવાનું
ચાલ કાદવમાં ઉગીને કમળ જેવા થાઇએ
ભડકે બળતી આગમાં ભડભડ થઇને બળવાનું
ચાલ ભર ચોમાસે પલળીને સાવ કોરા થાઇએ
ઠારી દેતી ઠંડીમાં આપણે તો થર થર ઠરવાનું
ચાલ ઉષ્માની સગડીને ઠારવા જઇએ
ચાલ માનવ થાઇએ ને દાનવને દાહવાનું
ચાલ મનખા અવતારનું પણ લઇએ

- **ભીખુ કવિ**

નિયમિત રીતે બદામ ખાનારને કેન્સર, ડાયાબીટીસ, કંપવા (આલ્જેમેર) અને સંક્રમિત રોગો થવાનો ભય કે જોખમ ઘટાડે છે



સ્વસ્થ જીવન માટે ઉપયોગી બદામ આરોગ્ય વૃત

- સંકલન : સુમંતભાઇ મં. શાહ

(૧) બદામ પ્રોટીન પ્રચુર અને રેસાયુક્ત હોઇ તે એક આરોગ્યપ્રદ પોષક ખાદ્ય શરીરમાં શક્તિના સ્તરને કુદરતી રીતે વધારે છે.

(૨) બદામમાં કેલરીનું પ્રમાણ ઓછું હોય છે. વધુમાં તે કોલેસ્ટ્રોલ રહિત છે, તે ખવાથી આપણું ખોરાક લેવાનું પ્રમાણ ઘટાડે છે, તેમજ પેટ ભરાઇ જવાની લાગણી જગાવે છે.

(૩) બદામ આપણા શરીરમાંના કોલેસ્ટોરલનું પ્રમાણ એકંદરે ઘટાડે છે, તે એમ.ડી.એલ. કોલોસ્ટરોલ વધારવામાં મદદરૂપ થાય છે અને લોહીમાં એલડીએલ (ખરાબ) કોલોસ્ટોરલનું સ્તર ઘટાડે છે.

(૪) બદામ બ્લડ સુગરના સ્તરમાં સ્થિરતા લાવે છે, તેમજ ડાયાબિટીશની સારવારમાં મદદરૂપ થાય છે.

(૫) બદામમાં ઓમેગા-૩ ફેટી એસીડનું પ્રમાણ વધુ હોઇ તે મગજને પુષ્ટિદાયક હોવાથી તીવ્ર બુદ્ધિશક્તિ અને મગજના સ્વસ્થ વિકાસમાં મદદરૂપ થાય છે.

(૬) નિયમિત રીતે બદામ ખાનારને કેન્સર, ડાયાબીટીસ, કંપવા (આલ્જેમેર) અને સંક્રમિત રોગો થવાનો ભય કે જોખમ ઘટાડે છે.

(૭) પોષક તત્ત્વોના ભંડાર સમી બદામ રૂધિરાભિસરણનું સ્વાસ્થ્ય વધારવામાં મદદ કરે છે.

(૮) બદામમાં સારા પ્રમાણમાં રહેલું પોટેન્શિય બ્લેડપ્રેસરને નિયંત્રિત કરવામાં મદદરૂપ થાય છે.

(૯) બદામમાં રહેલ ફોલિક એસિડ કે જે સગર્ભા સ્ત્રીઓને ખૂબ જ જરૂરી છે, કારણ કે તે નવાં જન્મતાં બાળકોમાં જન્મજાત ખાંડ-ખાંપણનો પ્રાપ્ત ઘટાડે છે.

(૧૦) બદામ વીટામીન અને ધાતુઓ સભર હોઇ તે ચામડી અને વાળને ખુબ જ પોષણયુક્ત છે.

(૧૧) બદામમાં વીટામીન ઇ અને મેગ્નેશિયમ જેવાં એન્ટી ઓક્સિડન્ટ અને મોનો અનસેચ્યુરેટેડ તૈલી પદાર્થ હોઇ હાર્ટએટેકના ભયને ઘટાડવામાં ખૂબ જ મદદ રૂપ થાય છે.

ઉપરોક્ત બાબતોને લક્ષમાં લઇ આરોગ્ય બાબતે જાગૃત વ્યક્તિઓ અને ખાસ કરીને વરિષ્ઠ વ્યક્તિઓએ યોગ્ય પ્રમાણમાં બદામ ખાવી જરૂરી અને ગુણકારી છે.

ધન્ય છે શેઠ આપના જીવતરને! બધાનાં હૈયાનાં ઊંડાણમાં આપના જેવા દયા અને સમભાવ હોય તો પૃથ્વી પર સ્વર્ગ ઉતરે! કહેતાં વિનય શેઠના પગ પકડી ધન્યતા અનુભવતો રહ્યો

હૈયાનાં ઊંડાણ સં-વેદના

- જય ગજ્જર

(ગતાંકથી આગળ...)

રાજેશનું હૈયું પીગળી ગયું. એણે શેઠના બે હાથ પકડી કહ્યું, "જેનું કોઇ નથી એનો ભગવાન છે! ચાલો સ્વસ્થ થાઓ. હું આવી ગયો છું ને!"

"તમે કોણ છો? મારા પર દયા દાખવવાનું કારણ શું છે?" "શેઠજી, આપ કદાચ ભૂલી ગયા હશો! આજે હું જે કંઇ છું તે આપને પ્રતાપે! મારૂં નામ રાજેશ પરીખ છે. વીસ વર્ષ પહેલાં હું આપને મળેલો. આપે મારી કોલેજની ફી અને પુસ્તકોની જવાબદારી પાંચ વર્ષ માટે ઉપાડી લીધેલ એને કારણે હું એમ.બી.એ. થઇ શકેલો અને આજ એક મોટી કંપનીનો સી.ઇ.ઓ. છું. આપને શો રોગ છે?"

"કશું જ યાદ રહેતું નથી. ડોકટર કહે છે કે એમ્નેસિયા છે! યાદદાસ્ત ચાલી જતાં મારી પત્નીના અવસાન પછી મારા સંતાનોએ મને એક વૃદ્ધાશ્રમમાં મૂકેલ. ચાર દિવસથી મને ટાઇફોઇડ થતાં એ લોકોએ મને આ હોસ્પિટલમાં દાખલ કરેલ છે! બે દીકરા અમેરિકામાં છે. દીકરી અહીં વાલ્કેશ્વરના મારા બંગલામાં રહે છે. દીકરીને પ્રેમ અને લાગણી છે પણ જમાઇ ઉદ્ધત અને લંપટ છે. મારો બંગલો અને પેઢી જબરજસ્તી મારી સહીઓ કરાવી બધું પચાવી પાડી હવે મને ધુત્કારે છે અને ઘર બહાર કાઢી આશ્રમમાં ધકેલ્યો છે!" અંતર ખોલતાં ફરી આંશુઓની ધાર વહેવા લાગી.

"આપ જેવા સજ્જન અને સેવાભાવીને ભગવાન કેવા દહાડા દેખાડે છે!" અને રાજેશે એક નિસાસો નાખ્યો અને સ્નેહભર્યા શબ્દોમાં આશ્વાસન આપ્યું, "અંકલ, આપ હવે જરાકે ચિંતા ના કરશો. ડોકટરને મળી આપને સ્પેશિયલ રૂમમાં ટ્રાન્સફર કરાવું છું. સારૂં થયાં તમને મારે બંગલે લઇ જઇ ત્યાં રાખીશ. જરાકે ચિંતા ના કરશો અંકલ!"

વિનય શેઠમાં એક નવા જીવનનો આનંદ પ્રગટ્યો અને હર્ષનાં આંસુ સાથે બોલ્યા, "ભગવાને ઘરડે ઘડપણ મને એક નવો દીકરો આપ્યાનો ગર્વ અનુભવું છું. બેટા ભગવાન તમારી લીલી વાડી અમર રાખે!"

રાજેશે મેનેજમેન્ટને મળી વિનય શેઠ માટે સ્પેશિયલ રૂમની વ્યવસ્થા કરી.

♥ ♥ ♥

બે અઠવાડિયા પછી રાજેશ વિનય શેઠને એને બંગલે લાવ્યો. એમની દેખરેખ અને સારવાર માટે એક આયા રાખી. એક સ્પેશિયાલીસ્ટને મળી એમના ઉપચાર શરૂ કર્યો. એમની સાથે રોજ એક કલાક પસાર કરી એમના ભૂતકાળને ઉકેલવા પ્રયાસ કરવા લાગ્યો. એ જે કંઇ કહેતા તે લખી રાખતો. બીજે દિવસે એ વાંચી સવાલ કરતો, "અંકલ પછી શું થયું?"

શરૂણાં કંઇ રિસ્પોન્સ ન મળ્યો. ડોકટરને મળી એ રોગ માટે નવી શોધાયેલ ટેબલેટ ખરીદી અને સાથે રોજ થોડી બદામો અને અખરોટ આપતો. ધીરે ધીરે એની સારી અસર થવા લાગી. ચાર મહિના પછી એણે શેઠ સામે બેસી એ પ્રક્રિયા શરૂ કરી. એને સારો રિસ્પોન્સ મળવા લાગ્યો. છ મહિનામાં એને વિનય શેઠના જીવનનું સાચું રહસ્ય મળી ગયું. રાજેશે શેઠનાં જમાઇ સામે કોર્ટમાં કેસ કર્યો. છ મહિના કેસ ચાલ્યો. વિનય શેઠ જીતી જતાં એમનો બંગલો એણે પાછો મેળવ્યો.

વિનય શેઠ એ અભાગી બંગલામાં પાછા જવા નહોતા માંગતા. રાજેશે એ બંગલો વેચી શેઠ માટે એક ફ્લેટ ખરીદ્યો. બાકીનાં બે કરોડ શેઠનાં નામે બેન્કમાં મુકી દીધા. આયા રમા શેઠની કાળજી લેવા ફ્લેટ પર એમની સાથે રહે એવી વ્યવસ્થા કરી.

દર અઠવાડિયે રાજેશ એમની મુલાકાત લઇ ખબર પૂછતો. વિનય શેઠ બહુ ખુશમાં રહેતા. પણ એ સુખ લાંબો સમય ચાલ્યું નહીં. જમાઇરાજ કેતનને વિનય શેઠનાં નવા નિવાસની ખબર પડી એટલે એમનાં ફ્લેટ પર પહોંચી ગયો. દીકરી શોભનાને ઘર બહાર હાંકી કાઢી મૂકવાની ધમકી આપી. દર મહિને પાંચ હજાર રૂપિયાની માગણી કરી. દીકરીના ભલા માટે વિનય શેઠ કબૂલ થયા અને એને રૂપિયા આપવા લાગ્યા. રમા અને રાજેશથી એ હકીકત છુપાવતા રહ્યા. પણ એ વાત લાંબો સમય છુપી ન રહી.

એક વાર રાજેશ મળવા આવ્યો ત્યારે વિનય શેઠની બેન્ક-બુક ટેબલ પર પડી હતી. કુતૂહલથી પ્રેરાઇ એ રાજેશે જોઇ દર મહિને પાંચ તારીખે પાંચ હજાર રૂપિયાની એન્ટ્રી જોતાં એણે વિનય શેઠને એ અંગે પૂછ્યું.

વિનય શેઠે ભારે હૈયે સત્ય કહી દીધું.

રાજેશ કેતનને ધિક્કારતો. શેઠની વાત સાંભળી એ ઉશ્કેરાયો, "અંકલ, એ નફ્ફટે તમને રસ્તે રઝળતા કરી દીધા અને છતાં એને શા માટે મદદ કર્યા કરે છે!"

"ભાઇ એમ ઉશ્કેરાઇ ન જા. મારી દીકરીને રસ્તે રઝળતી કરી મૂકવાની એ ધમકી આપતો રહેતો

(અનુસંધાન પાના નં. ૬ પર)